ક્રમાંક:વપસ/૩૨/ક/૪૪૯-૬૩ /૨૦૨૦-૨૧
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
અરણ્ય ભવન, બ્લોક બી/૧, સેકટર નં.૧૦/એ,
ચ-૩ સર્કલ, ગુજરાત રાજય, ગાંધીનગર
E-mail ID : cwlwguj@gmail.com
ફેકસ નંબર : ૦૭૯-૨૩૨૫૪૭૮૮
તા. ૨૯/૧૨/૨૦૨૦

Office of the
E. E. P. W. DN.
VERAVAL-362266.
INW. No. 4225
DATE 30/12/2020
E.E.
H.C.
D.A.
BRANCH PB

પ્રતિ,
કાર્યપાલક ઇજનેરશ્રી,
પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા,
વેરાવળ

**વિષય:** Regarding obtaining of Wildlife Clearance Certificate for 9.4097 ha. under Prachi Group Water Supply Scheme of Talala, Veraval, Sutrapada taluka, Gir Somnath District.

**અરજદાર:-** કાર્યપાલક ઇજનેરશ્રી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા, વેરાવળ

**વંચાણે લીધા:**

(૧) મુખ્ય વન સંરક્ષકશ્રી, વન વર્તુળ, જુનાગઢના પત્ર નં. જમન/ટે.૧૪/અ/૧૫૫૦-૫૨, તા.૩૧.૦૮.૨૦૨૦

(૨) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય ગાધીનગરના ઠરાવ ક્રમાંક:વપસ-૧૦૧૨-૧૩૩-ડબલ્યુ, તા.૩૧/૦૫/૨૦૧૨

વંચાણે લીધેલ ક્રમ -૧ થી મળેલ અહેવાલમાં કાર્યપાલક ઇજનેરશ્રી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા, વેરાવળ દ્વારા ગીર અભયારણ્યની ફરતે આવેલ ઇકો સેન્સીટીવ ઝોનમાં તાલાલા, વેરાવળ તથા સુત્રાપાડા તાલુકાના વિવિધ ગામોના રોડને સમાંતર અન્ડરગ્રાઉન્ડ પાણીની પાઇપલાઇન પસાર કરવા કુલ ૯.૪૦૯૭ હે. જમીન માટે ના-વાંધા પ્રમાણપત્ર મેળવવા દરખાસ્ત કરેલ છે.

મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ દ્વારા જણાવ્યા મુજબ સદરહું દરખાસ્ત બાબતેની રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રી, તાલાળા, આંકોલવાડી તથા જામવાળા મારફત સ્થળ તપાસ કરાવેલ છે. જે અન્વયે સદરહું સુચિત પાણીની પાઇપલાઇન પસાર કરવાના વિસ્તારમાં કોઇ ઝાડ કાપવાના થતા નથી.

સદરહું માંગણીવાળો વિસ્તાર વન્યપ્રાણીઓની અવર-જવરવાળો હોઇ વન્યપ્રાણી કે વનસ્પતિને કોઇપણ પ્રકારનું નુકશાન ન થાય તેની યુઝર એજન્સીએ ખાસ તકેદારી રાખવાની રહેશે, તેમજ કામગીરી દિવસ દરમિયાન કરવાની રહેશે. તેવું જણાવી શરતોને આધિન નાયબ વન સંરક્ષકશ્રી તથા મુખ્ય વન સંરક્ષકશ્રીએ

PB
શ્રી વાલાભાઇ જરૂરી
30/12/2020

હકારાત્મક અભિપ્રાય આપેલ છે. પ્રોજેક્ટ વિસ્તારની વિગત નીચેના પત્રક મુજબ છે. સદર પ્રોજેક્ટના વિસ્તારની વિગત નીચેના પત્રક મુજબ છે.

| Sr. No. | District | Taluka | Pipeline Route | Dia of Pipeline (mm) | Length (mt.) | Width (mt.) | Area in Ha. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Gir Somnath | Talala | Tapping point to Rampara hw | 600 | 6032 | 1.20 | 0.72384 |
| 2 | Gir Somnath | Talala | Rampara hw to Raydi | 200 | 2884 | 0.60 | 0.17304 |
| 3 | Gir Somnath | Talala | Raydi ti Semaliya | 100 | 1974 | 0.60 | 0.11844 |
| 4 | Gir Somnath | Talala | Semaliya to Pikhor | 100 | 1507 | 0.60 | 0.09042 |
| 5 | Gir Somnath | Talala | Raydi to Jamalpara | 150 | 2581 | 0.60 | 0.15486 |
| 6 | Gir Somnath | Talala | Jamalpara to Vithhalpur | 150 | 856 | 0.60 | 0.05136 |
| 7 | Gir Somnath | Talala | Vithhalpur to Vadla | 150 | 1731 | 0.60 | 0.10386 |
| 8 | Gir Somnath | Talala | Rampara hw to Ratidhar | 150 | 2401 | 0.60 | 0.14406 |
| 9 | Gir Somnath | Talala | Ratidhar to Bhimdeval | 100 | 1044 | 0.60 | 0.06264 |
| 10 | Gir Somnath | Talala | Rampara hw to Jashadhar | 500 | 3432 | 1.00 | 0.3432 |
| 11 | Gir Somnath | Talala | Rampara hw to Hadmatiya | 200 | 4217 | 0.60 | 0.25302 |
| 12 | Gir Somnath | Talala | Rampara hw to Ankolvadi | 300 | 9064 | 0.75 | 0.6798 |
| 13 | Gir Somnath | Talala | Jashadhar to Dhava | 300 | 7648 | 0.75 | 0.5736 |
| 14 | Gir Somnath | Talala | Ankolvadi ti Surva | 300 | 4971 | 0.75 | 0.372825 |
| 15 | Gir Somnath | Talala | Surva to Moruka | 200 | 3504 | 0.60 | 0.21024 |
| 16 | Gir Somnath | Talala | Moruka to Jashapur | 150 | 1706 | 0.60 | 0.10236 |
| 17 | Gir Somnath | Talala | Dhava to Lushala | 100 | 4820 | 0.60 | 0.2892 |
| 18 | Gir Somnath | Talala | Dhava hw to Borvav | 200 | 5122 | 0.60 | 0.30732 |
| 19 | Gir Somnath | Talala | Dhava – Borvav Junction hw to Virpur | 100 | 3263 | 0.60 | 0.19578 |
| 20 | Gir Somnath | Talala | Jashadhar hw to Madhupur | 500 | 2456 | 1.20 | 0.29472 |
| 21 | Gir Somnath | Talala | Madhupur to Gundaran | 500 | 4707 | 1.20 | 0.56484 |
| 22 | Gir Somnath | Talala | Gundran to Piplva-Amblash Junction | 250 | 2257 | 0.75 | 0.169275 |
| 23 | Gir Somnath | Talala | Piplva-Amblash Juntion to Piplva | 150 | 2618 | 0.60 | 0.15708 |
| 24 | Gir Somnath | Talala | Piplva – Amblash Junction to Amblash | 150 | 1372 | 0.60 | 0.08232 |
| 25 | Gir Somnath | Talala | Piplva to Dhramanva | 100 | 2900 | 0.60 | 0.174 |
| 26 | Gir Somnath | Talala | Ratidhar to Gundala | 150 | 2956 | 0.60 | 0.17736 |
| 27 | Gir Somnath | Talala | Gundran to Talala | 400 | 3575 | 0.90 | 0.32175 |
| 28 | Gir Somnath | Talala | Talala to Galiyavad | 100 | 3823 | 0.60 | 0.22938 |
| 29 | Gir Somnath | Talala | Talala to Ramrechi hw | 300 | 1659 | 0.75 | 0.124425 |
| 30 | Gir Somnath | Talala | Ramrechi to Jepur | 250 | 4390 | 0.75 | 0.32925 |
| 31 | Gir Somnath | Talala | Jepur to Dhanej | 200 | 3726 | 0.60 | 0.22356 |
| 32 | Gir Somnath | Talala | Dhanej to Khirdhar | 100 | 1793 | 0.60 | 0.10758 |
| 33 | Gir Somnath | Talala | Ramrechi hw to Chitravad | 300 | 4672 | 0.75 | 0.3504 |
| 34 | Gir Somnath | Talala | Chitravad to Sangodra | 150 | 5978 | 0.60 | 0.35868 |
| 35 | Gir Somnath | Talala | Chitravad to Haripur | 150 | 4061 | 0.60 | 0.24366 |
| 36 | Gir Somnath | Talala | Chiravad to Hiranvel | 150 | 3647 | 0.60 | 0.21882 |
| 37 | Gir Somnath | Talala | Raydi to Javantri | 200 | 5545 | 0.60 | 0.3327 |
| | Total | | | | **130892** | | **9.4097** |

ઉપર મુજબની વિગતો ધ્યાને લેતાં અરજદારશ્રી કાર્યપાલક ઇજનેરશ્રી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા, વેરાવળને વન અને પર્યાવરણ વિભાગના તા. ૩૧.૦૫.૨૦૧૨ના ઠરાવ અનુસાર મળેલ સત્તાની રૂએ ગીર અભયારણ્યના ઇકો સેન્સીટીવ ઝોનમાં ઉપર જણાવેલ પત્રક મુજબના ૯.૪૦૯૭ હે. વિસ્તારમાં રોડને સમાંતર અન્ડરગ્રાઉન્ડ પાણીની પાઇપલાઇન નાંખવાની કામગીરી કરવાના હેતુ માટે નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

## શરતો

૧. કામગીરી દરમ્યાન વન્યજીવોના રહેઠાણ, વનસ્પતિ તેમજ વન્યજીવ સૃષ્ટિને કોઈ ખલેલ ન પડે તેમજ તેને કોઈપણ પ્રકારનું નુકશાન ન થાય તેની કાળજી લેવાની રહેશે.

૨ ભવિષ્યમાં "ના-વાંધા પ્રમાણપત્ર" નો પાણીની પાઇપલાઇન નાંખવા સિવાય અન્ય કોઇ હેતુ માટે હેતુફેર કરી શકાશે નહી. બાંધકામ દરમ્યાન તથા ભવિષ્યમાં હવા, પાણી, જમીન, અવાજ વિગેરેનું પ્રદુષણ થાય તેવી કોઇપણ કામગીરી કરી શકાશે નહી.

૩ પ્લાન એસ્ટીમેન્ટ મુજબ સદરહું જમીનમાં પ્રદુષિત પાણી તેમજ ગટરના પાણીના નિકાલ માટે કાયમી અને કુદરતી યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે જેથી પ્રદુષિત પાણી તેમજ ગટરનું કે અન્ય રીતે ગંદુ પાણી કોઇપણ વોટર બોડી કે અભયારણ્યના ઈકો સેન્સીટીવ ઝોનમાં પ્રવેશે નહી તેની તકેદારી રાખવાની રહેશે.

૪. સદરહું વિસ્તારમાંથી પ્રવાહી, પ્લાસ્ટીક કે અન્ય કોઇપણ પ્રકારનો ઘન કે પ્રવાહી કચરો અભયારણ્યના ઈકો સેન્સીટીવ ઝોનમાં પ્રવેશે નહી તે રીતે કાયમી નિકાલની વ્યવસ્થા કરવાની રહેશે.

૫. અભયારણ્ય વિસ્તારના ઈકો સેન્સીટીવ ઝોનમાં સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી જ કામ કરવાનું રહેશે.

૬. આ કામે વૃક્ષ કાપી શકાશે નહી.

૭. વન ભૂમિના ઉપયોગ માટે વન સંરક્ષણ ધારા – ૧૯૮૦ હેઠળ અલગથી મંજુરી મેળવવાની રહેશે.

૮. અન્ય કાયદા હેઠળ જે મંજુરી મેળવવાની થતી હોય તે અલગથી મેળવી લેવાની રહેશે.

૯. અરજદાર કંપની અથવા તેમના કોન્ટ્રાક્ટર પરવાનગી આપેલ જગ્યા સિવાય અન્ય કોઈ જગ્યાએ કામગીરી કરી શકશે નહી.

૧૦. કામગીરી શરૂ કરતા પહેલા તથા કામગીરી પૂર્ણ થયા બાદ વન વિભાગની સ્થાનિક કચેરીને લેખિતમાં જાણ કરવાની રહેશે.

૧૧. વન્યજીવોના સંરક્ષણ સંબંધે ભવિષ્યમાં ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન કે રાજ્ય સરકારશ્રી દ્વારા કોઇ વધારાની શરત મુકવી જરૂરી જણાશે તો આ વધારાની શરતોનો અમલ કરવાનો રહેશે.

Tikadar 18/12

(શ્યામલ ટીકાદર)
ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના:

૧. મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ તરફ જાણ સારૂ.
૨. નાયબ વન સંરક્ષકશ્રી, ગીર પશ્ચિમ વિભાગ, જુનાગઢ તરફ શરતોના પાલનની બાંહેધરી મેળવી અત્રેને જાણ કરવા સારૂ.